ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2349/04/2024** **તા.17.04.2024**

## નવસારી લોકસભાના ઉમેદવાર તેમજ સાંસદ અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા ઉત્તર ગુજરાત સર્વજ્ઞાતિ સ્નેહ મિલન કાર્યક્રમ સુરત ખાતે યોજાયો.

----

**આજે આખો દેશ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા થનગની રહ્યો છે. – શ્રી સી.આર.પાટીલ**

----

**કોંગ્રેસ સહિતની ઘણી રાજકીય પાર્ટીઓએ જ્ઞાતિના આધારે ભાગલા પાડી રાજ કર્યું પરંતુ મોદી સાહેબ પહેલા વડાપ્રધાન છે કે તેમણે સૌનો સાથ,સૌનો વિકાસના સુત્ર સાથે સૌને જોડી ને સત્તા પ્રાપ્ત કરી છે. – શ્રી સી.આર.પાટીલ**

----

**આજે સુરતની જનતા જાણે છે કે 25 વર્ષ પહેલાનુ સુરત અને આજના સુરતમા વિકાસના કેટલા કાર્યો થયા છે. – શ્રી એમ.એસ.પટેલ**

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, નવસારી લોકસભાના ઉમેદવાર તેમજ સાંસદ અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા ઉત્તર ગુજરાત સર્વજ્ઞાતિ સ્નેહ મિલન કાર્યક્રમ સુરત ખાતે યોજાયો. આ કાર્યક્રમમા ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલે સંબોધન કર્યુ.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે આખો દેશ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા થનગની રહ્યો છે. લોકસભા ચૂંટણીમા ભાજપના ઉમેદવારના પક્ષમા વધુમા વધુ મત પડે તે રીતે મતદાન કરાવવા વિનંતી. મોદી સાહેબના 400 પારના સંકલ્પને સાકાર કરવા સૌ સાથે મળી પ્રયત્ન કરીએ અને આ પ્રયાસમા કોઇ કચાસ ન રહે તેની કાળજી રાખવાની છે. મતદાન દિવસે બૂથ પ્રમુખોએ તેમના સભ્યોનુ મતદાન થાય તેની કાળજી રાખવાની છે. ગુજરાતમા આ વખતે 26 માથી 26 બેઠક પર પાંચ લાખથી

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



વધુના મતોથી જીતવાનો સંકલ્પ કર્યો છે. કોંગ્રેસ સહિતની ઘણી રાજકીય પાર્ટીઓએ જ્ઞાતિના આધારે ભાગલા પાડી રાજ કર્યુ પરંતુ મોદી સાહેબ પહેલા વડાપ્રધાન છે કે તેમણે સૌનો સાથ,સૌનો વિકાસના સુત્ર સાથે સૌને જોડી ને સત્તા પ્રાપ્ત કરી છે.

પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી મહેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, આજે સુરતની જનતા જાણે છે કે 25 વર્ષ પહેલાનુ સુરત અને આજના સુરતમા વિકાસના કેટલા કાર્યો થયા છે. આજે સુરતમા પાણી અને ઇન્ફ્રાસ્ટ્રકચર સહિતના કાર્યો થઇ રહ્યા છે. ગુજરાતમા કોંગ્રેસની સરારમા પહેલા વારંવાર હુલ્લડો થતા પરંતુ મુખ્યમંત્રી તરીકે મોદી સાહેબ આવ્યા પછી ગુજરાતમા વિકાસના કાર્યો થયા. મોદી સાહેબ ગુજરાતમા તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાત વિકાસના કાર્યોમા દેશનુ રોલ મોડલ બન્યુ છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દરેક વર્ગના લોકોની સમસ્યા જાણે છે અને તે રીતે યોજનાઓ જાહેર કરે છે. આજે દેશમા શૌચાલય,ગેસ સિલિન્ડર,આયુષ્યમાન કાર્ડ યોજનાનો લાભ સૌને મળી રહ્યા છે. મોદી સાહેબેના નેતૃત્વમા વિશ્વના દેશો સમક્ષ ભારતનુ માન સન્માન વધ્યુ છે. લોકસભા ચૂંટણીમા જેટલા સંસદ સંભ્યો ભાજપના હશે તેટલા મોદી સાહેબ મજબૂત થશે.

આ કાર્યક્રમમા રાજ્ય સરકારના ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી એમ.એસ.પટેલ, શહેર મહામંત્રી શ્રી કાળુભાઈ ભીમનાથ, કોર્પોરેટરશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ સહિત પુર્વ ધારાસભ્યશ્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)